દિવ્ય ભાસ્કર, અમદાવાદ ફ્રંટ પેજ

તારીખ :- ૦૯/૦૯/૨૦૨૬

**સિટી એન્કર** શહેરમાં કોઈ પણ મોટી ઈવેન્ટ સિવાયના દિવસમાં સૌથી વધુ પેસેન્જર નોંધાયા

# રિક્ષા હડતાળના પહેલા દિવસે મેટ્રોમાં 2.24 લાખ લોકોએ મુસાફરી કરી: કોલ્ડ પ્લે અને ક્રિકેટ વર્લ્ડ કપની મેચના દિવસનો રેકોર્ડ તૂટ્યો

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

શહેરમાં રિક્ષાચાલકોની હડતાળને પગલે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરનારી સંખ્યામાં એકાએક મોટો વધારો થયો છે. રિક્ષાચાલકોની હડતાળના પ્રથમ દિવસ સોમવારે મેટ્રોમાં રેકોર્ડબ્રેક 2,24,725 મુસાફરો નોંધાયા હતા. આ આંકડો ક્રિકેટ વર્લ્ડકપ કે કોલ્ડપ્લે જેવા મોટા ઈવેન્ટ્સ કરતા પણ વધારે રહ્યો હતો.

કાલુપુર રેલવે સ્ટેશન ખાતેથી 15 હજાર મુસાફરોએ અવરજવર કરી હતી. હડતાળને પગલે મેટ્રો દ્વારા વધારાની બે ટ્રેન દોડાવાઈ હતી, પિકઅવર્સમાં મુસાફરોનો રાહ જોવાનો સમય 7 મિનિટથી ઘટાડીને દર 6 મિનિટે ટ્રેન દોડાવી ફ્રિકવન્સી વધારાઈ હતી.

અગાઉ 12 ઓગસ્ટે વરસાદના સમયે 2 લાખથી વધુ મુસાફર નોંધાયા હતા. મોદી સ્ટેડિયમ ખાતે યોજાતી આઈપીએલ, વર્લ્ડકપ કે કોલ્ડપ્લે જેવા મોટા મ્યુઝિક કોન્સર્ટ સિવાયના દિવસોમાં પણ મેટ્રોમાં મુસાફરોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. કોલ્ડપ્લેના એક દિવસમાં 2.16 લાખ મુસાફરો અને ટી-20 વર્લ્ડકપની ભારત-નેધરલેન્ડની મેચના દિવસે 2. 21 લાખ મુસાફરો નોંધાયા હતા

## વર્લ્ડ કપ મેચ વખતે 2.21 લાખ અને કોલ્ડ પ્લે સમયે 2.16 લાખ પેસેન્જર નોંધાયા હતા



| તારીખ | પેસેન્જર |
|---|---|
| 30/4/2026 (આઈપીએલ) | 226112 |
| 21/5/2026 (આઈપીએલ) | 222928 |
| 18/2/2026 (ટી-20 વર્લ્ડકપ) | 221066 |
| 25/1/2025 (કોલ્ડપ્લે) | 216470 |
| 16/7/2026 (રથયાત્રા) | 216047 |
| 19/12/2025 (ટી-20) | 213438 |
| 3/6/2025 (આઈપીએલ) | 213338 |
| 14/2/2026 (ટી-20 વર્લ્ડકપ) | 204337 |

**AMTSમાં 1 લાખ અને BRTSમાં 25 હજાર પેસેન્જર વધ્યા**

રિક્ષા હડતાળના કારણે એએમટીએસ અને બીઆરટીએસની ફ્રિકવન્સી વધારાઈ હતી. એએમટીએસમાં એક દિવસમાં 1.01 લાખ અને બીઆરટીએસમાં પણ 25 હજાર પેસેન્જર વધ્યા હતા. આમ એએમટીએસ-બીઆરટીએસને વધુ 10 લાખની આવક થઈ હતી.